

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

## સલામી સવારની..

*હવે ઉચ્ચ પદ પર પ્રતિભાનું કંઈ કામ નથી,*
*જોવાય જાતિ ને ધર્મ પ્રતિષ્ઠાનું કંઈ કામ નથી.*
*કામ નથી વિદ્વતાનું જોવાય છે મતની ગુંજાશ -*
*હોય શાંત - કહ્યાગરા, પ્રગલ્ભનું કંઈ કામ નથી.*
*(ડો. રાધાકૃષ્ણન્ ને હવે ભૂલી જાવ!)*

### હાઈકુ

*હતું સ્વપ્ન ને*
*'પદ' પ્રતિષ્ઠા હતી -*
*રાધા-કૃષ્ણથી...*

*સંઘનો સાથ,*
*પહોંચાડે કાશીએ -*
*શ્રદ્ધા - વિશ્વાસે...*

## ચિંતન

*રાજયતંત્રેષ્વાયતૌ તન્ત્રાવાપૌ ।*

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**સ્વરાષ્ટ્ર (ગૃહ) નીતિ અને વિદેશનીતિ રાજયવ્યવસ્થાનું એક અંગ છે.**

**કોઈ પણ શાસનની બે નીતિ હોય છે - એક ગૃહનીતિ, જેમાં દેશની બાબતો અને સમસ્યાઓનો વિચાર કરવામાં આવે છે અને બીજી વિદેશનીતિ, જેમાં વિદેશી રાષ્ટ્રો સાથેના સંબંધો આદિ બાબતોનો સમાવેશ થાય છે. વિદેશનીતિ વિના રાજનીતિ અધૂરી ગણાય છે. સુદૃઢ વિદેશનીતિથી જ કોઈ પણ રાષ્ટ્ર સુદૃઢ બને છે.**

**નહેરુના સમયથી 'તાટસ્થ્ય'ના નામે નબળી નીતિથી આપણે ઘણું સહન કરવું પડ્યું છે આજે પણ ચીના સાથે હીંચટકા ખાઈ, ટ્રમ્પ સાથે ચા પી અને પુતિનને પંપાળી અનિશ્ચિતતાના ઝૂલા ખાવામાં આપણે કયાંકના રહ્યા નથી.**

## સુવિચાર

- ધ્વનિઓમાં સર્વ મધુર છે પ્રશંસાનો ધ્વનિ - **વેલ્સની કહેવત**
- મનની બારીઓ સર્વે સદાયે ખુલ્લી રાખીએ, દશે દિશા તણા શુભ વિચારો આવકારીએ ! - **ઋગ્વેદ**
- ભૂતકાળને જેઓ ભૂલી જાય છે તેમણે તે ફરી જીવવાની સજા ભોગવવી પડે છે - **ફાધર વાલેસ**
- વગર ભણતરે માણસને જે આગળ ધપાવે છે તેને બુદ્ધિ કહે છે - **વિનોભા ભાવે**
- પોલિટિક્સ એટલે લોકોને પોતાની હીતની બાબતોમાં ભાગ લેતા કરવાની કળા - **જ્યોર્જ વોશિંગ્ટન**
- જે લોકો એમ માનતા હોય છે કે પૈસો બધું કરશે,
  તેઓ પૈસા ખાતર ગમે તે બધું કરે તેવા હોવાનો સંભવ છે - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : ફલુના તાવમાં કાંદાનો રસ ચાર-પાંચ વાર પીવાથી તાવ ઉતરી જાય છે

**(સંકલન : દિપક વી. આશરા)**

## બોધકથા

સિકંદરની જે રાજા સામે લડાઈ ચાલતી હતી તે રાજા યુદ્ધ દરમિયાન હૃદયરોગના હુમલાથી મૃત્યુ પામ્યો. સેનાપતિએ આ ખુશખબરી આપવા જાતે સિકંદર પાસે આવ્યા, અને કહ્યું, 'શત્રુ એની મેળે જ મર્યો છે. હવે જો આપણે હુમલો કરીશું તો આસાનીથી સામેની સેનાને હરાવી દઈશું.' સિકંદરે સેનાપતિને ઠપકો આપતા કહ્યું, 'એના મોતની આટલીખુશી ન મનાવો, આજે એનું મોત થયું છે કાલે મારું મોત પણ આવી શકે છે અને કુદરતી મોતનો લાભ લેવાય નહિ, એનું મોત આપણો વિજય નથી અને મરેલાને મારીને આપણે વિજય મેળવીશું નહિ, એવો વિજય તો કારરતાની હારથી પણ વધુ બૂરો વિજય છે.' વધુમાં સિકંદરે ફરમાન કર્યું. 'લડાઈ બંધ કરવાની જાહેરાત કરો અને મૃતરાજા આજથી આપણો મિત્ર છે અને સંદેશો મોકલો કે એની અંતિમ યાત્રામાં હું પણ સામેલ થઈશ.'

સેનાપતિને સમજાયું કે વિશ્વવિજેતા સિકંદર કેવી રીતે થઈ શકાય છે. માત્ર લડાઈ જીતીને જ તે સમ્રાટ બનતા નથી. લોકોના હૈયા જીતવાની કળા પણ હોવી જરૂરી છે અને ઘણા શત્રુઓને તે લડાઈ વગર જીતી લે છે.

# સલામ... પ્રણવદા'

રાષ્ટ્રપતિનું પદ ભારતના સંવિધાન મુજબ સર્વોચ્ચ બંધારણીય પદ છે. જો કે રાષ્ટ્રપતિ મંત્રીમંડળની સલાહ લઈને જ નિર્ણય લેવા બંધાયેલા છે પણ કટોકટી જેવી પરિસ્થિતિમાં રાષ્ટ્રપતિ પાસે સ્વવિવેકથી આકરા નિર્ણયો લેવાની સત્તા હોય છે. ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ સ્વાતંત્ર્ય ચળવળના મુખ્ય આગેવાનો પૈકીના એક હતા. શ્રેષ્ઠ ધારાશાસ્ત્રી હોવા ઉપરાંત તેઓ પ્રખર ગાંધીવાદી હતા. અત્યાર સુધીના તમામ રાષ્ટ્રપતિઓમાં સૌથી સાદું જીવન ડૉ. રાજેન્દ્ર પ્રસાદનું હતું. એમના અનુગામીઓ પૈકી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ફિલોસોફર હતા અને ડૉ. ઝાકિર હુસેન ઉચ્ચ કક્ષાના લેખક તેમ જ કેળવણીકાર હતા. જેમ જેમ સાંસદોનું સ્તર ઊતરતું ગયું તેમ તેમ રાષ્ટ્રપતિ પદ પર આરૂઢ મહાનુભાવોનું સ્તર પણ નીચે ને નીચે ઊતરતું રહ્યું છે. જે પ્રખર મેધા શરુઆતના રાષ્ટ્રપતિઓમાં દૃષ્ટિગોચર થાય છે તેની સરખામણીએ ઈંદિરા શાશન દરમિયાન બનેલા વરાહગિરિ વેંકટગિરિ કે ફકરુદ્દીન અલી અહમદ અથવા એ પછીના સમયગાળા દરમિયાન આ ઉચ્ચ પદ પર આરૂઢ થનાર મોટા ભાગના રાષ્ટ્રપતિઓ ઘણા જ વામણા લાગે. એનું મુખ્ય કારણ એ કે રાષ્ટ્રપતિ માટેના ઉમેદવારની પસંદગીમાં જાતિવાદનું રાજકારણ ઘૂસી ગયું, જેનું છેલ્લું ઉદાહરણ એનડીએના ઉમેદવાર રામનાથ કોવિંદ છે. ખુદ ભારતીય જનતા પાર્ટી પાસે કોવિંદ કરતાં ઘણા વધારે લાયક ચહેરા હતા, પરંતુ રાજકીય સમીકરણો માંડતા કોવિંદ પર કળશ ઢોળવામાં સંઘ અને ભાજપ બેઉને શાણપણ વરતાયું છે. કોવિંદ નિશ્ચિતપણે રાષ્ટ્રપતિ પદે ચૂંટાવાના છે અને આશા રાખીએ કે તેઓ ફકરુદીન અલી અહમદ કે નિવૃત્ત થઈ રહેલા મેધાવી રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીનાં પુરોગામી પ્રતિભા પાટીલ જેવા રબર સ્ટેમ્પ રાષ્ટ્રપતિ નહીં જ બની રહે, છતાં તેઓ એમના પુરોગામી પ્રણવદા જેવી પરિપક્વતા દાખવી શકશે કે કેમ તે પ્રશ્ન છે. અટલ બિહારી વાજપેયીએ કુનેહપૂર્વક ભારતનાં મિસાઈલ ક્રાંતિના જનક ગણાતા ડૉ. એપીજે અબ્દુલ કલામને રાષ્ટ્રપતિ પદ ઉપલબ્ધ કરાવી વિપક્ષો સહિત તમામને વિચારતા કરી મૂક્યા હતા. કોવિંદ શું કલામનાં પેંગડામાં પગ ઘાલી શકશે? પ્રણવ મુખરજી તો કોંગ્રેસના સૌથી સિનિયર નેતા હતા. રાજીવ ગાંધીના રાજયારોહણ સામે નારાજગી દર્શાવ્યા બાદ એ નહેરુ ગાંધી પરિવાર સાથે એક સલામત અંતર જાળવીને પોતાના ફાળે આવેલી જવાબદારીઓ પ્રામાણિકતાપૂર્વક અદા કરતા રહ્યા. એમને નાણાંમંત્રી અને વિદેશમંત્રી તરીકે યાદગાર સેવાઓ આપી. પોતે વડાપ્રધાન પદ માટેની લાયકાત જ નહોતા ધરાવતા એવું નિવેદન કરતી વેળાએ આ બંગાળી બાબુ કેટલા હિજરાયા હશે! કુનેહપૂર્વક એમણે પોતાની જાતને પ્રવર્તમાન સંજોગો સાથે 'એડ્જેસ્ટ' કરી દીધી. એમણે રાષ્ટ્રપતિ તરીકે પણ એમ ઊભરતી મહાસત્તાને છાજે એવું ગરિમાભર્યું વર્તન કર્યું અને સૈદ્ધાંતિક રીતે સાચાા છેડાના વડાપ્રધાન સાથે પણ સમાધાનપૂર્વક વર્ત્યા. કોંગ્રેસના વરિષ્ઠ નેતા તરીકે વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામેના એમનાં નિવેદનો અને ઉચ્ચારણો કયાં અને રાષ્ટ્રપતિ તરીકે વડાપ્રધાન સાથેનો ગૌરવપૂર્ણ વ્યવહાર કયાં! પ્રણવ બાબુ નિવૃત્ત થઈ રહ્યા છે ત્યારે ગુજરાત સાથેના એમના સંબંધનું સ્મરણ થયા વિના નથી રહેતું. માધવસિંહ સોલંકીના કાર્યકાળ દરમિયાન તેઓ ગુજરાતમાંથી જ રાજયસભાના સદસ્ય તરીકે ચૂંટાયા હતા. એક પ્રબુદ્ધ રાષ્ટ્રપતિ તરીકે પ્રણવ બાબુએ દેશની ઈમેજને મૂંઠી ઊંચેરી સ્થાપિત કરવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. પોતે સક્રિય રાજકારણમાં હતા ત્યારે પાર્ટીમાં 'ટ્રબલશૂટર' નો રોલ પર બખૂબી ભજવતા રહ્યા બલકે નાણાંપ્રધાન તરીકે પોતાના હાથ નીચે સેક્રેટરી અને રિઝર્વ બેન્કના ગર્વનર રહી ચૂકેલા મનમોહનસિંહને પોતાના નેતા તરીકે સ્વીકારવા જેટલા ફલેક્સીબલ પણ બની શક્યા હતા. છેલ્લે એમના શાસનકાળમાં ફાંસીની સજા સામે દયાની જેટલી અરજીઓ આવી હતી એ તમામને યોગ્ય રીતે નિકાલ કરી તેઓ કશું જ કામ અધુરું છોડ્યા વગર નિવૃત્ત થઈ રહ્યા છે ત્યારે એમના શેષ આયુષ્યકાળમાં પણ તેઓ દેશને માર્ગદર્શન આપતા રહેશે એવી અપેક્ષા અસ્થાને નહીં ગણાય. પ્રણવદા એકંદરે પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવ્યાનો ઓડકાર લઈ શકશે. હા, રાષ્ટ્રપતિ પદના કાર્યકાળમાં જ કલામર્મજ્ઞ જીવનસંગિની ગુમાવ્યાનો વસવસો એમને જરૂર રહ્યા કરશે.

*તંત્રીસ્થાનેથી...*

# મનુષ્યમાત્રની આજીવન સંસ્કારયાત્રા



**અમર વારસો**

ડો. રશ્મિકાન્ત મહેતા

કુંભાર માટીમાંથી ઘડો બનાવે, પછી તેના પર સંસ્કાર કરે છે એન નીભાડામાં પકડવે પછી એના પર રંગ અને રેખાનું ચિતરામણ કરે છે. હવે એ દર્શનીય બને છે. ઉપયોગમાં લેવાય છે. મનુષ્ય માત્ર જન્મ તો લે છે. પરંતુ પછી એની સંસ્કારયાત્રા શરુ થાય છે. એનાથી એ 'માણસ'ના ઘાટનો બને છે.

ગૌતમ ધર્મસૂત્રમાં તો સંસ્કારો ૪૦ બતાવેલા, પરંતુ એ પ્રાસંગિક ન રહ્યા. સંસ્કારો ૧૬ જાણીતા રહ્યા : (૧) ગર્ભાધાન (૨) પુંસવન (૩) સીમન્તોન્નયન (૪) જાતકર્મ (૫) નામકરણ (૬) નિષ્ક્રમણ (૭) અન્નપ્રાશન (૮) કર્ણવેધ (૯) ચૂડાકર્મ (૧૦) વિદ્યારંભ (૧૧) ઉપનયન (૧૨) વેદારંભ (૧૩) કેશાન્ત (૧૪) સમાવર્તન (૧૫) વિવાદ (૧૬) અન્ત્યેષ્ટિ.

પ્રવર્તમાન સમયમાં પ્રચલિત હોય એવા સાત આ પ્રમાણે છે :

(૧) જાતકર્મ - સંતાનની પ્રસૂતિ પછી બાળક અને માતાના સ્વાસ્થ્ય માટે આનો પ્રયોગ છે. નાભિચ્છેદ પહેલાં એ થાય છે. તલનો હોમ કરવાનો હોય છે. પિતા દાનપુણ્ય કરે છે. બાળકને સળીથી મધ ચટાડે છે. બાળકના કાનમાં એની દીર્ઘાયુ માટેની પ્રાર્થના બોલે છે.

(૨) નામકરણ - જન્મ પછીના ૧૧મા, ૧૨મા કે ૧૬મા દિવસે જાતકનું નામકરણ થાય છે. જન્મનાદિવસની ચંદ્ર રાશિ અને જન્મના સમયને આધારે નામ નક્કી થાય છે. જાતકના ઉચ્છવાસનો સ્પર્શ કરીને એનાં બંને કાનમાં એના આ નામનું ઉચ્ચારણ થાય છે. માતાપિતા દેવોને અને પુરોહિતને દક્ષિણા આપે છે.

(૩) અન્નપ્રાશન - બાળક છ મહિનાથી એક વરસનું થાય એ દરમિયાન આ વિધિ છે. એનું ખાવાનું બનાવતી વખતે પ્રાર્થના બોલવાની છે. 'અન્ન એવા ઓડકાર' એવી કહેવત છે. બાળકની પાચનશક્તિ સારી રહે, એને સારા વિચારો આવે. પિતા હોમ કરે એને દક્ષિણા આપે છે.

(૪) ચૂડાકર્મ - પહેલા વર્ષને અંતે, અથવા ત્રીજા વરસે અથવા સાતમે વરસે આ વિધિ થાય છે. બાળકની શિખા રામીને બાકીના વાળ ઉતારી લેવાય છે. એ સમયની પ્રાર્થનાનો ભાવાર્થ છે - બાળક એટલું કમાય કે પૂરતું દાનપુણ્ય કરતો રહે.

(૫) ઉપનયન - પવિત્ર જનોઈ ધારણ કરવાનો વિધિ છે; ઉપનયન. આચાર્ય પાસે વિદ્યાપ્રાપ્તિ માટે લી જવાનો. જનોઈના ત્રણ સૂત્ર; મન, વાણી અને શરીરને શુદ્ધ રાખવાનું સૂચન કરે છે. આજથી ગુરુ એનો પિતા છે અને માતા ગાયત્રીમંત્ર છે. આઠમે વર્ષે આ વિધિ થઈ શકે.

(૬) વિવાદ - આમાં છ અંગો મહત્ત્વના છે : વાગ્દાન, કન્યાદાન, પાણિગ્રહણ, અશ્મારોહણ, સપ્તપદી, ધ્રુવ-અરુંધતી દર્શન, આ છયે અંગો સમજવા જેવા છે. માત્ર સપ્તપદીના સાત મંત્રી દાંપત્યજીવનમાં ઊતરે, તો કલ્યાણ થઈ જાય.

(૭) અન્ત્યેષ્ટિ - જીવનના અંતે - મૃત્યુ સમયે થતો વિધિ છે. એક અર્થમાં અગ્નિ સામેની ઈષ્ટ - યજ્ઞ છે. આ અગ્નિ મનુષ્ય અને દેવ વચ્ચેનું અનુસંધાન છે. અગ્નિ એને મરણોત્તર ગતિ આપે છે. આમાં પણ જો આ આઠ સદ્ગુણ એણે જાળવ્યા હોય તો ઈશ્વર સાયુજ્ય પામે છે. દયા, સહનશીલતા, ઈર્ષાનો અભાવ, શુદ્ધતા, સમતા, ભલાઈ, ઉદારતા અને અક્રોધ.

આ સંસ્કારોના આચરણમાં એવી ક્ષમતા પડેલી છે કે મનુષ્યને સત્ત્વથી વિમુખ થવા ન દે.

# દેશની પ્રથમ ક્ષેત્રીય ગ્રામીણ બેન્ક કયારે સ્થાપવામાં આવી હતી?



**ખજાનો**

અનિલ પટેલ

## ભારતીય અર્થવ્યવસ્થા

(૧) ત્રણ પ્રેસીડેન્સી બેન્કોને ભેગી કરીને ઈમ્પીરીયલ બેન્કની સ્થાપના કઈ સાલમાં કરવામાં આવી?
(અ) ૧૯૨૦ (બ) ૧૯૨૧
(ક) ૧૯૨૩ (ડ) ૧૯૨૫

(૨) ભારતીય રિઝર્વ બેન્કી પ્રથમ મહિલા ઉપ ગર્વનર કોણ છે ?
(અ) કે. જે. ઉદેશી (બ) કિરણ બેદી
(ક) પી.ટી. ઉષા (ડ) બચૈન્દ્રી પાલ

(૩) દેશની પ્રથમ ક્ષેત્રીય ગ્રામીણ બેન્ક કયારે સ્થાપવામાં આવી હતી ?
(અ) ૧૯ ઓગસ્ટ ૧૯૭૦ (બ) ૨ ઓકટોબર ૧૯૭૫
(ક) ૧ એપ્રિલ ૧૯૫૭ (ડ) ૨ ઓકટોબર, ૧૯૮૦

(૪) એલ.આઈ.સી.નું ઉપમુખ્યાલય કયાં આવેલું છે?
(અ) મુંબઈ (બ) કોલકાત્તા
(ક) હૈદ્રાબાદ (ડ) ન્યૂ દિલ્હી

(૫) આઈસીઆઈસીઆઈ બેન્કની સ્થાપના કયારે થઈ ?
(અ) ૧૯૯૦ (બ) ૧૯૯૨
(ક) ૧૯૯૫ (ડ) ૧૯૯૮

(૬) ચમકતો તારો કઈ રાષ્ટ્રીયકૃત બેન્કનું પ્રતિક છે?
(અ) સ્ટેટ બેન્ક ઑફ ઈન્ડિયા (બ) બેન્ક ઑફ ઈન્ડિયા
(ક) બેન્ક ઓફ ઈન્ડિયા (ડ) પંજાબ નેશનલ બેન્ક

(૭) ફુગાવામાં શાનું મૂલ્ય ઘટે છે ?
(અ) ચલણનું (બ) સોનાનું
(ક) શેરનું (ડ) કૃષિ ઉત્પાદનનું

(૮) ભારતની સૌથી મોટી મ્યુચ્યુઅલ ફંડ સંસ્થા (યુટીઆઈ)ની સ્થાપના કઈ સાલમાં થઈ ?
(અ) ૧૯૬૦ (બ) ૧૯૬૪
(ક) ૧૯૬૬ (ડ) ૧૯૭૦

(૯) 'વી નો ઈન્ડિયા બેટર' આ વાક્ય કોની સાથે જોડાયેલ છે?
(અ) એલ.આઈ.સી. (બ) એસ. બી.આઈ.
(ક) યુ.ટી.આઈ. (ડ) આર.બી. આઈ.

(૧૦) કિશાન ક્રેડિટ કાર્ડનો પ્રારંભ કયારે કરવામાં આવ્યો?
(અ) ૧૯૯૮ (બ) ૨૦૦૦
(ક) ૨૦૦૩ (ડ) ૨૦૦૫

(૧૧) ભારતમાં વેટનો અમલ કયારથી શરુ થયો ?
(અ) ૨૦૦૨ (બ) ૨૦૦૩
(ક) ૨૦૦૪ (ડ) ૨૦૦૫

(૧૨) વેટ લાગુ કરનાર પ્રથમ રાજય કયું હતું ?
(અ) ગુજરાત (બ) બિહાર
(ક) ઉત્તર પ્રદેશ (ડ) હરિયાણા

(૧૩) સહકારિતાને સરકારી નિયંત્રણથી મુક્ત કરનાર પ્રથમ રાજય કયું છે ?
(અ) કેરલ (બ) કર્ણાટક
(ક) આંધ્રપ્રદેશ (ડ) મહારાષ્ટ્ર

(૧૪) ભારતીય ઔદ્યોગિક બેન્કની સ્થાપના કયારેક કયામાં આવી ?
(અ) ૧૯૬૦ (બ) ૧૯૬૪
(ક) ૧૯૬૬ (ડ) ૧૯૭૦

(૧૫) 'પીળી ક્રાંતિ' શાની સાથે સંબંધ ધરાવે છે?
(અ) ડેરી ઉદ્યોગ (બ) તેલીબીયાં
(ક) ખાણ ઉદ્યોગ (ડ) મત્સ્ય ઉદ્યોગ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વૈજ્ઞાનિકોના જન્મ દિવસ**

- *૨૫ જુન ૧૮૯૪ : હેરમાન ઓરબેથ : ઓસ્ટ્રેલિયન - જર્મન રોકેટ એન્જીનીયર, સ્પેશ ફલાઈટના શોધક ત્રણ વૈજ્ઞાનિકોમાંના એક... લીક્વીટ પ્રોપેલન્ટ રોકેડની ડિઝાઈન માટે રોમેનિયમ પેટન્ટ મળ્યા હતા. ૭ મે, ૧૩૩૧ના રોજ બર્લીન પાસે તેમણે ડિઝાઈન કરેલ રોકેટ લોન્ચ કર્યું હતું.*
- *૨૫ જુન ૧૯૦૫ : રૂપેટ વ્હીલ્ડ : જર્મન અમેરીકન એસ્ટ્રોનોમર ગ્રહો ઉપરના વાતાવરણના સંદર્ભમાં અધ્યયન અને સંશોધન કરનાર - ગુરુ અને બાહ્ય ગ્રહો પણ મિથેન અને એમોનિયા અલ્પમાત્રામાં છે તેવું સંશોધન કરનાર.*
- *દુનિયાનું પ્રથમ જળવિદ્યુત મથક (હાઈડ્રોઈલેકટ્રીક પ્લાન્ટ) વિશ્વની વિજળીની માંગને પુરી કરવા થર્મલ, ન્યૂક્લીયર અને હાઈડ્રોપાવર પ્લાન્ટ ઊભી કરવામાં આવે છે. દુનિયાની કુલ વિજ ઉત્પાદનમાં ૧૭ ટકા વિદ્યુત જળ વિદ્યુત મથકમાંથી પેદા કરવામાં આવે છે. દુનિયાનું પ્રથમ જળવિદ્યુત મથક અમેરિકાના એપલ્ટન ખાતે ફોક્સ રીવર પર સ્થપાયો હતો. ૩૦ સપ્ટેમ્બર ૧૮૮૨ના રોજ આ પ્લાન્ટને કાર્યરત કરવામાં આવ્યો હતો. જે આજે પણ કાર્યરત છે. આ પ્લાન્ટનું પાછળથી 'એપલટન એડીશન લાઈટ કંપની' નામ આપવામાં આવ્યું હતું. થોમસ આલ્વા એડિશનની યાદ સાથે જોડવામાં આવેલ આ પ્લાન્ટ જળવિદ્યુત મથકમાં પાયાની ઈંટ સમાન છે.*

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**કોંગ્રેસ પક્ષ દ્વારા ગુજરાતના પ્રભારી તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા છે ?**

**જવાબ : અશોક ગહલોત, (પૂર્વ સી.એમ. રાજસ્થાન)**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૩) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૪) ધાર્મિક એસ. પટેલ : ગાયત્રી રેડીડન્સી, ધોળેશ્વર પાસે
(૫) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૬) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફોસિટી જુ. સાયન્સ કૉલેજ
(૭) મહેશ એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર એવા શ્રીમાન રામનાથ કોવિંદ કયા રાજયના રાજયપાલ છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

[illegible]

# તમાકુ જીવલેણ છે ?



**તન દુરસ્તી**

મહેન્દ્ર ગજ્જર
ડો. દિનેશ રાઠોડ

કાંતિલાલ જોશી ૮૫ વર્ષ ના થયા, કાંતિલાલ સોનાની ડબ્બીમાં બે ભાગ વાડી ડબ્બી જેમાં એક ભાગમાં તમાકુ ભરતા બીજા ભાગમાં ચૂનો ભરતા. ડાબા હાથમાં ડબ્બી રાખી, એક ભાગ ખોલી જમણા હાથની હથેળી માં તમાકુ કાઢતા ડબ્બી ફેરવી બીજા ભાગમાંથી ચૂનો નાખતા. ડબ્બી મૂકી દઈ ડાભા હાથના અંગુઠાથી જમણા હાથમાં રાખેલી તમાકુને મસળતા, અને મસળતા મસળતા બોલતા નરેન્દ્ર ભાઈ બિચારા ખુબ મહેનત કરે છે, દેશનું નામ આખી દુનિયામાં જાણીતું થાય લોકો ભારતને માનની દ્રષ્ટિથી જોવે અને દેશમાં નવા ધંધા, રોજગાર ઉભા થાય માટે જુદા જુદા દેશમાં જઈને મેક ઈન ઈન્ડિયાની ટહેલ નાખે છે લોકોને ભારતમાં આવી ઉદ્યોગો નાખી, રોજગાર ભારતના યુવાનો ને મળે માટે સતત પ્રયત્નો કરી રહ્યા છે. કે ભારતમાં આવો નવા ઉદ્યોગો નાખો, તમે પણ કમાઓ અને અને આમારા યુવાનો ને રોજગારી આપો. શક્ય છે કે બધું આજ ને આજ ના થઈ જાય. સમય લાગે પણ ભારતની કાલ સુવર્ણ છે. વિરોધ પક્ષ પણ દેશદાજને ઓળખે પોતાના પોલીટીકલ સ્વાર્થ છોડી દેશ માટે નરેન્દ્રભાઈ જે કઈ કરી રહ્યા છે તેમાં પોતાના દિલમાંથી દેશદાઝ જગાડીને સરકારની મદદ કરે. અને નરેન્દ્ર ભાઈને પણ સલાહ છે, કે દેશ માટે, દેશના વિકાસ માટે વિરોધ પક્ષોને માન આપે એમની સલાહ લે એમને સન્માન જનક સ્થાન આપી પેરેલલ ગવર્મેન્ટ બનવા દઈ દરેક પ્રશ્નમાં વિરોધ પક્ષની સલાહ લે, દાખલા તરીકે બજેટ બનાવતા પહેલા વિરોધ પક્ષને પણ મદદમાં લે અભિમાન મૂકી દેશમાં પ્રગતિ થાય અને સર્વે દેશ બંધુઓને વ્યાજબી ભાવે વસ્તુઓ મળે રોજગારી મળે ટેક્ષ ઓછા થાય પેટ્રોલના ભાવ ઘટે અને પેટ્રોલના ભાવ ઉપરજ આખા દેશની ઈકોનોમી જળવાયેલી છે. જો પેટ્રોલના ભાવ ઓછા થશે તો ઓટોમેટીક દેશ માંથી ભાવ વધારાનું દુષણ, મોંઘવારી દરેકને નાથવામાં સારું એવું બળ મળી રહેશે. કાંતિલાલ બોલ્યા આવો બીજો પ્રશ્નો છે. ઈન્કમટેક્ષ મોટા મોટા ઉદ્યોગ પતિઓ મોટા ગજાના ઈન્કમટેક્ષ વકીલોની સલાહ લે કરોડો રૂપિયાની કર ચોરી કરે છે. ગરીબ માણશો કે જેઓ ક્યારે પણ ટેક્ષ ભરતા નથી જયારે બિચારા મધ્યમ વર્ગના સર્વિસ કરતા માણસો ક્યાં જાય? એમને તો ફરજીયાત ટેક્ષ ભરર્વો જ પડે છે અને સૌથી દુખી તો મધ્યમ વર્ગ જ છે, કાંતિલાલ બોલ્યા જેમ સુબ્રમણ્યમ સ્વામી કહે છે તેમ દેશમાંથી ઈન્કમટેક્ષ કાઢી નાખવા નિજ જરૂર છે બીજો કોઈ નવો વિકલ્પ શોધી. કોઈ પણ માણસ દેશના વિકાસમાં ઈન્કમટેક્ષની જગ્યા એ સ્વમાનથી ટેક્ષ ભરે અને દેશની પ્રગતિમાં મદદ કરે, કાંતિલાલની સામે મનસુખકાકા બેઠા હતા. મનસુખકાકા એ કહ્યું અલ્યા કાંતિ તમાકુ મસળી ડાબા ગાલ માં દબાવી ગમે તેમ બોલે છે એના કરતા જરા કૈક વિચારીને બોલ તારું તારા ઘર માં પણ ચાલતું નથી.અને ડાહ્યો થઈ ને આખા દેશ માં શું થઈ શકે એની સલાહ આપવા માંડ્યો છે. કાન્તિલાલ અકડયા અલ્યા મનસુખ આપણે તમાકુ ન ખાતા હોઈએ એનો મતલબ એ નહિ કે તું હોશિયાર છે તમાકુ ખાવુ એતો હિંમત વાળા લોકો નું કામ છે મારી વાત કરું કે હું ૬ વર્ષ નો હતો ત્યારથી તમાકુ કહું છું પણ અત્યારે ૮૫ નો થયો મારા નખ માં પણ રોગ નથી અને તને ડાયાબીટીસ છે,બ્લડ પ્રેસર છે અસીડીટી છે, હવે મારે શું ગણવા નું બોલ. તમાકુ ખાવું જોઈએ કે ના ખાવું જોઈએ.પોતાનું તો ભાન નથી અને બીજા ને સલાહ આપવા નીકળ્યા છે, તમાકુ ના ખાઓ સિગરેટ ના પીવો, દારૂ ના પીવો. મનસુખ જો હું સ્વીકારું છું કે તમાકુ ખાવી દારૂ પીવો એ સારી વાત તો નથીજ પણ તમાકુ ખાતા દારૂ પિતા સિગરેટ પિતા માણસ ખરાબ જ હોય છે,તેમણે કેન્સરજ થાય છે એવું નથી.વધરે પડતું સેવન કરવું અથવા તો વ્યસન કરવું એ ખરાબ જ છે હું તમાકુ ખાવા ની તરફેણ માં નથી. પણ તમાકુ ખાતો માણસ ખરાબ જ હોય એની સામે મારો સખત વિરોધ છે.મનસુખ ભાઈ એ કહ્યું કાન્તિલાલ તમે એતો સ્વીકારો છો ને કે તમાકુ ખરાબ વસ્તુ છે,અલ્યા મનસુખ એતો હું કહું છું તમાકુ ખરાબ વસ્તુ છે,શક્યા હોય તો નાખવી જોઈએ અને ટેવ ના હોય તો ન જ પાડો,પણ તમાકુ ખાતો માણસ જાનવર છે એ માંનો એની સામેજ મારો વાંધો છે.જો મનસુખ હું તને દાખલો આપું જો આપના પશાકાકાનો અરવિંદ જે કેન્સર માં ગુજરી ગયો એનું કારણ એ હતું કે અરવિંદ ૨૪ કલાક મોમાં તમાકુ રાખતો રાત્રે સુતા પણ મોમાં તમાકુ ભરવી રાખતો જમવા ના પહેલા થોડું કાઢતો, બોલ મનસુખ આને તો કેન્સર કરવુજ જોઈએ અને કેન્સર થયું.અને ઓપ્રેસન પણ શક્યા ન હતુ અને આખરે ૩૫ વર્ષની ઉંમરમાં ભગવાન ને ત્યાં પાછા જવું પડ્યું. મનસુખ ભાઈ બોલ્યા. કાંતિ તું તમાકુની તરફેણ નથી કરતો એ જાણી મને ખુબ આનંદ થયો.સ્વામીનારાયણ ભગવાન ના સાધુ સંતો તો વ્યસન મુક્તિ માટે બિચારા રોજ રોજ ટહેલ નાખે છે, ચા ના પીવી, ડુંગળી ના ખાવી, તમાકુ છોડો, દારૂ છોડો, સિગરેટ છોડો સરસ મજાનું ભગવાને જીવન આપ્યું છે તો તમારું રોજિંદુ કામ કરી ભગવાન ભજી, અક્ષરધામમાં ભગવાન ના ગમતા પુત્ર તરીક સ્થાન લો. કાંતિભાઈ બોલ્યા ભાઈ મનસુખ તારી વાત તદ્દન

અનુસંધાન પાના નં. ૭ પર